### માતરમાં લગ્નના ભોજન બાદ મહેમાનોની તબિયત લથડી, આખું ગામ દવાખાનામાં ફેરવાયું

# માતરના સિંજીવાડામાં ફૂડ પોઈઝનિંગથી દોઢ સોથી વધુ વ્યક્તિની તબિયત લથડી

**ઝાડા-ઉલ્ટી અને** પેટમાં દુઃખાવાની ફરિયાદ બાદ અફરાતફરી


તસવીરઃ પ્રગ્નેશ ભાવસાર

(પ્રતિનિધિ) માતર તા.14

માતર તાલુકાના સિંજીવાડા ગામમાં એક હર્ષોલ્લાસભર્યા લગ્ન પ્રસંગમાં તે સમયે માતમ જેવો માહોલ સર્જાયો જ્યારે બપોરનું ભોજન લીધા બાદ સાંજના સમયે એકસાથે 150થી 200 જેટલા લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. આટલી મોટી સંખ્યામાં લોકો બીમાર પડતા ગામનું સરકારી દવાખાનું અને ખાનગી ક્લિનિકો દર્દીઓથી ઉભરાઈ ગયા હતા.

આ અંગે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, લગ્નમાં બપોરના ભોજન સમારંભ બાદ બધું સામાન્ય હતું, પરંતુ સાંજે 5 વાગ્યા પછી અચાનક જ મહેમાનો અને ગ્રામજનોને ઝાડા-ઉલ્ટી અને પેટમાં દુખાવાની ફરિયાદ શરૂ થઈ હતી. જોતજોતામાં 150થી 200 જેટલા લોકો વારાફરતી સારવાર માટે ખસેડવામાં આવતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને માતરના ધારાસભ્ય કલ્પેશ પરમાર, જિલ્લા આરોગ્ય અધિકારી વી.એસ. ધ્રુવે અને નાયબ મામલતદાર તાત્કાલિક સિંજીવાડા પહોંચી ગયા હતા. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સમગ્ર સ્થિતિનો તાગ મેળવીને યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ખેડા જિલ્લા આરોગ્ય વિભાગની અનેક ટીમો દ્વારા આખા ગામમાં ઘરે-ઘરે જઈને સઘન સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જે લોકોને અસર થઈ હતી, તેમને આરોગ્યની ટીમ દ્વારા સ્થળ પર જ જરૂરી ટ્રીટમેન્ટ પૂરી પાડવામાં આવી હતી. હાલમાં તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે સમગ્ર સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે.

લગ્ન પ્રસંગમાં પીરસાયેલા કયા ખોરાકને કારણે આ અસર થઈ ? તે જાણવા માટે આરોગ્ય વિભાગ દ્વારા શંકાસ્પદ ખોરાકના સેમ્પલ લઈને તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

### જય પાટીલ આપઘાત કેસમાં કલેક્ટર કચેરી બહાર ચક્કાજામ

# દિનશા પટેલ નર્સિંગ કોલેજના ચાર કર્મીને કારણદર્શક નોટિસ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.14

નડિયાદના ચર્ચિત જય પાટીલ આપઘાત કેસમાં હવે શૈક્ષણિક સંસ્થા દ્વારા કડક કાર્યવાહીના સંકેત આપવામાં આવ્યા છે.

નડિયાદની દિનશા પટેલ કોલેજ ઓફ નર્સિંગના મેનેજમેન્ટ દ્વારા કર્મચારીને નોટિસ પાઠવવામાં આવી છે. તેમાં પ્રો. ડો. વિરેન્દ્રકુમાર જૈન, પ્રો. ડો. ધારા વ્યાસ, પ્રફુલ્લિબેન પટેલ અને શેરીન જાદવનો સમાવેશ થાય છે. સંસ્થાએ આ ગેરહાજરીને સેવાકીય આચારસંહિતાનો ગંભીર ભંગ ગણાવ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે તેમની કોઈ રજા મંજૂર કરવામાં આવી નથી. કોલેજ પ્રશાસને નોટિસમાં જણાવ્યું છે કે કર્મચારીઓ સામે ગંભીર કાનૂની કાર્યવાહી અને પોલીસ ફરિયાદ નોંધાઈ હોવા છતાં તેમણે સંસ્થાને આ અંગે સત્તાવાર રીતે અંધારામાં રાખી છે. આટલી મોટી ઘટના છુપાવવા બદલ કર્મચારીઓ પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો છે.

કોલેજના ડાયરેક્ટર ડો. બી. એચ. શેલત દ્વારા આપવામાં આવેલી નોટિસમાં કર્મચારીઓને માત્ર 3 દિવસની મહેતલ આપવામાં આવી છે. આ સમયગાળામાં તેમણે નોંધાયેલી FIRની વિગતો, હાલની કાનૂની સ્થિતિ અને સંસ્થાને જાણ કેમ ન કરી તેનું લેખિતમાં કારણ આપવાનું રહેશે. જો તેઓ રજા પર હોવાનો દાવો કરતા હોય તો કોની મંજૂરી લીધી હતી ? તેના પુરાવા પણ રજૂ કરવા પડશે. જો નિર્ધારિત સમયમાં સંતોષજનક અને પુરાવા સાથેનો જવાબ નહીં મળે, તો શિસ્તભંગના પગલાં તરીકે આ તમામ કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની તજવીજ હાથ ધરવામાં આવશે.

બીજીતરફ જય પાટીલના પરીવારજનો અને દલિત સમાજના અનેકો લોકો દ્વારા કલેક્ટર કચેરી બહાર સૂત્રોચ્ચાર સાથે રોડ બ્લોક કરાયો હતો. જે સમયે સ્થળ પર ડીવાયએસપી અને હાલ ઈન્ચાર્જ એસ.પી. વિમલકુમાર બાજપાઈ પહોંચ્યા હતા, જેમનો પણ સમાજના લોકોએ ઘેરાવ કરી રજૂઆત કરી હતી અને સૂત્રોચ્ચાર કર્યા હતા.

# ચરોતર: ના.મામલતદારને મામલતદાર તરીકે બઢતી

**રાજ્ય સરકારે લાંબા** સમય બાદ નાયબ મામલતદારને બઢતી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.14

રાજ્ય સરકાર દ્વારા 165 જેટલા નાયબ મામલતદારને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. જેમાં આણંદ જિલ્લાના છ નાયબ મામલતદારનો સમાવેશ થાય છે. આ બઢતીમાં વર્ષ 2012ની બેચના નાયબ મામલતદારોનો સમાવેશ થાય છે.

આણંદ જિલ્લાના છ નાયબ મામલતદારમાં યતીનકુમાર ભડજાને ડાંગમાં પીઆરઓ તરીકે મુકવામાં આવ્યાં છે. તેવી જ રીતે ચૈતન્ય સંઘાણીને ગાંધીનગર ખાતે મામલતદાર એનઆરજી ફાઉન્ડેશન, રંજનબહેન વી. સોલંકીને ખેડા ઈલેકશન વિભાગ, વિપુલકુમાર સોલંકીને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મેટ્રોપોલીટન કોર્ટ નં.2, અમદાવાદ, મેહુલકુમાર પરમારને ચીફ ઓફિસર, કપડવંજ અને બી.એમ. શાહને મહિસાગર કલેક્ટર ઓફિસમાં બઢતી સાથે બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત ખેડા જિલ્લાના મુકેશ દેસાઈને ચીટનીશ આણંદ, શૈલેષ પ્રજાપતિને દાહોદ, નિલય પટેલને અમદાવાદ શહેર, નિકી પ્રજાપતિને વડોદરા, મિતેષ કનેજીયાને છોટાઉદેપુર, સુહગ બારોટને ગાંધીનગર, પ્રેમીલા ગજેરાને વુડા, હેમા દેસાઈને કલેકટર છોટાઉદેપુર ખાતે નાયબ મામલતદારમાંથી બઢતી આપીને મામલતદાર તરીકેની નિમણુંક આપવામાં આવી છે.

### ચરોતરના શિવાલયો 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠશે

# ચરોતરમાં આજે મહાશિવરાત્રી પર્વની ભાવભેર ઉજવણી કરાશે

**આણંદ, ખેડા અને** મહીસાગર જિલ્લામાં ભક્તિમય માહોલ

**લઘુરૂદ્રી,** હવન અને મહાપ્રસાદીના વિશેષ આયોજન

(પ્રતિનિધિ) આણંદ તા.13

ચરોતર પંથકમાં રવિવારે મહાશિવરાત્રી પર્વની આસ્થા અને ઉમંગ સાથે ઉજવણી કરવા માટે શિવાલયોમાં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લાના તમામ નાના-મોટા શિવાલયોમાં વહેલી સવારથી જ દર્શન-અર્ચન માટે ભાવિકોનો પ્રવાહ ઉમટી પડશે, જેના કારણે સમગ્ર વાતાવરણ 'બમ બમ ભોલે'ના નાદથી ગુંજી ઉઠશે.

ચરોતરમાં શ્રદ્ધાળુઓ દ્વારા શિવલિંગ ઉપર બિલીપત્ર અર્પણ કરી પંચામૃત, જલાભિષેક, દુગ્ધાભિષેક તેમજ સુગંધિત દ્રવ્યોના અભિષેક થકી પરિવારની કુશળતાની કામના કરવામાં આવશે. વિવિધ મંદિરોમાં લઘુરૂદ્રી, મહારૂદ્રી, શિવમહિમ્ન સ્તોત્ર ઉપરાંત મૃત્યુંજય મંત્ર અને મહામૃત્યુંજયના પાઠોનું પણ વિશેષ આયોજન કરાયું છે. ભક્તો ભગવાન શિવની આરાધનામાં લીન થઈ જીવનના ત્રિવિધ પાપોથી મુક્તિની પ્રાર્થના કરશે.

મહાશિવરાત્રીના પર્વે ભક્તો દ્વારા શક્કરિયા અને બટાટાનો ફળાહાર કરીને શિવભક્તિમાં તરબોળ બનશે. શિવજીને પ્રિય એવી ભાંગની પ્રસાદી વિના આ પર્વનું મહાત્મ્ય અધૂરું ગણાતું હોવાથી, ભાવિકો ભાંગની પ્રસાદી ગ્રહણ કરીને કૃતકૃત્ય થયાની અનુભૂતિ માણશે. કેટલાક સ્થળોએ મહાપ્રસાદી અને હવનના પણ આયોજન કરવામાં આવ્યા છે.

આણંદના જાગનાથ, લોટેશ્વર, પાર્વતેશ્વર, ધર્મેશ્વર, વિદ્યાનગરના ઓમકારેશ્વર, કરમસદના બાપેશ્વર, પેટલાદ અને જીટોડિયાના વૈજનાથ મહાદેવ મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળશે. આ ઉપરાંત ઉમરેઠના વૈજનાથ-બિલેશ્વર, વલેટવાના પારદેશ્વર, ખંભાતના પતંગેશ્વર મહાદેવ તેમજ વાસદ, વ્હેરાખાડી, શીલી, ઉમેટા અને ખંભોળજ મહીતીર્થ ખાતે પણ વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવશે.

વિદ્યાનગર ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ખાતે મહાશિવરાત્રી નિમિત્તે યોગ દર્શન - પ્રદર્શન દ્વાદશ જ્યોતિર્લિંગમ્ દર્શન, મૂલ્યલક્ષ્મી રમતો તથા યોગ અનુભૂતિ અને આત્મ જાગૃતિના 3ડી શોનું આયોજન કરવામાં આવ્યું છે. શિવરાત્રિના દિવસે સવારે 8થીરાત્રિના 8 સુધી વિદ્યાનગરના મહાદેવ વિસ્તારમાં આવેલા કેન્દ્ર ખાતે દ્વાદશ જ્યોતિર્લિંગમ્ દર્શન થશે.

### ખાનપુરના ઐતિહાસિક કલેશ્વરી ધામમાં મહાશિવરાત્રીનો ભવ્ય મેળો થશે



**ખાનપુર** | ખાનપુર તાલુકાની પવિત્ર ભૂમિ ગણાતા કલેશ્વરી નાળ ખાતે આગામી મહાશિવરાત્રી નિમિત્તે લોકહૈયાને હિલોળે ચડાવતો ભવ્ય મેળો ભરાશે. પ્રાચીન કાળથી આ ભૂમિ પર મહાશિવરાત્રી અને જન્માષ્ટમીના પર્વે મેળાની પરંપરા રહી છે, જ્યાં પ્રકૃતિ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળે છે. છેલ્લા 25 વર્ષથી કલેશ્વરીની આ ધરતી પર દેશભરના લોક કલાકારો અને ખાસ કરીને વિચરતી-વિમુક્ત જનજાતિના કલાકારો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આ મેળામાં માત્ર ગુજરાત જ નહીં, પરંતુ મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાંથી પણ નામી-અનામી કલાકારો પોતાની પરંપરાગત કલા રજૂ કરવા માટે દર વર્ષે આવે છે.

### કપડવંજમાં દશા પોરવાડ વણિક જ્ઞાતિ દ્વારા મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરાશે

કપડવંજ દશા પોરવાડ વણિક જ્ઞાતિ મંડળો દ્વારા 15મી ફેબ્રુઆરીના રોજ ગાંધી ચોક સ્થિત પંચની વાડીમાં સવારે 11થી 1 વાગ્યા દરમિયાન મહાશિવરાત્રી પર્વની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા મંડળના પ્રમુખ ભક્તિબેન પરીખના જણાવ્યા અનુસાર, આ પ્રસંગે બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયના મુખ્ય સંચાલિકા માલાબેન દ્વારા શિવરાત્રીના મહિમા પર વિશેષ પ્રવચન આપવામાં આવશે. અમેરિકા નિવાસી માલિનીબેન દીપકભાઈ દેસાઈના સૌજન્યથી અને શારદાબેન મણીલાલ દેસાઈના શ્રેયાર્થે યોજાનારા આ કાર્યક્રમમાં જ્ઞાતિના તમામ સભ્યોને આમંત્રિત કરાયા છે. આ કાર્યક્રમના અંતે પધારનારા તમામ જ્ઞાતિજનો માટે સંસ્થા દ્વારા ઉપવાસી ફરાળી વાનગીઓના મહાપ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### પાળજમાં આજે નિર્મિત શ્રીમદ કરુણા સાગર મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે



**પેટલાદ** | પેટલાદના પાળજ ગામે 15મી ફેબ્રુઆરી 2026ના રવિવારે બપોરે 12-00 કલાકે નૂતન મંદિરનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. જગતગુરુ અવિચલદાસજી મહારાજના વરદ હસ્તે આ દિવ્ય મંદિરમાં મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરવામાં આવશે. મહોત્સવ અંતર્ગત વહેલી સવારે 5-30 કલાકે પ્રભાતફેરી, 7-30 કલાકે પ્રાતઃ ઉપાસના અને 10 કલાકે મહારાજશ્રીનું ભવ્ય આગમન થશે. આ પ્રસંગે બપોરે 12-30 વાગ્યે પાટીદાર વાડીમાં મહાપ્રસાદનું આયોજન હોય, સત્કૈવલ સત્સંગ મંડળે તમામ ભક્તોને પધારવા ભાવભીનું નિમંત્રણ પાઠવ્યું છે.

### આણંદમાં સિનિયર સિટીઝન ફોરમ દ્વારા આરોગ્ય વક્તવ્ય - કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | આણંદમાં ચીમનભાઈ એ. પટેલના અધ્યક્ષ સ્થાને ચરોતર મોટી સત્તાવીસ ફોરમ દ્વારા નિષ્ણાત તબીબોની ઉપસ્થિતિમાં આરોગ્યલક્ષી વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો.ધર્મેન્દ્રભાઈ પટેલ, ડો.ઈશાની ઠક્કર અને ડો. પ્રિયદર્શનીએ વૃદ્ધાવસ્થામાં સ્વાસ્થ્યની જાળવણી અને કેન્સર જેવા ગંભીર રોગો અંગે સભ્યોને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ભોજન પ્રાયોજક નિરીષભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સભ્યોને શ્રીમદ્ ભાગવત ગીતાની સ્મૃતિ ભેટ એનાયત કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ સંસ્થાના મંત્રી ભાનુભાઈ ડી. પટેલે કરી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદની કોમર્સ કોલેજમાં 'યુનિયન બજેટ-2026' અંગે જાગૃતિ વર્કશોપ યોજાયો




**નડિયાદ** | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા નડિયાદની આઈ.પી. પટેલ અને ટી.જે. પટેલ કોમર્સ કોલેજ ખાતે બજેટ અવેરનેસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા પ્રો. ડો. યજ્ઞેશ દલવાડીએ ટેક્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એમ.એસ.એમ.ઇ. અને રોજગારી જેવા મહત્વના પાસાઓ પર ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમમાં નડિયાદ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ભૂપેન્દ્રભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ બજેટની જોગવાઈઓ અંગે પ્રશ્નોત્તરી કરી પોતાની જિજ્ઞાસા સંતોષી હતી.

### કપડવંજની હીરાપુરા પ્રાથમિક શાળામાં 'દોસ્ત ફાઉન્ડેશન' દ્વારા મધ વિતરણ કાર્યક્રમ યોજાયો



**કપડવંજ** | કપડવંજ તાલુકાની હીરાપુરા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને 'દોસ્ત ફાઉન્ડેશન' દ્વારા 13 કિલો ડાબર હનીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં પૌષ્ટિક આહાર પ્રત્યે જાગૃતિ લાવવાનો અને તેમના આરોગ્યમાં સુધારો લાવવાનો હતો. શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને મધના વિવિધ આરોગ્યલાભ વિશે માહિતી આપી નિયમિત પૌષ્ટિક આહાર લેવાનું મહત્વ સમજાવ્યું હતું. શાળા પરિવારે દોસ્ત ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કરી ભવિષ્યમાં પણ આવા સહયોગની અપેક્ષા સાથે કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

### મેક્સિમસ ઇન્ટરનેશનલનો ના.વ.26ના ત્રીજા ત્રિમાસિકમાં 15% આવક વધારો, રેકોર્ડ વાર્ષિક પરિણામોની અપેક્ષા

**વડોદરા** | મેક્સિમસ ઇન્ટરનેશનલ લિમિટેડ, સ્પેશિયાલિટી લુબ્રિકન્ટના અગ્રણી મેન્યુફેક્ચરર અને નિકાસકારે, 31 ડિસેમ્બર, 2025એ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિક તથા નવ મહિના માટેના સમીક્ષિત નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. વૈશ્વિક બજારમાં પડકારજનક પરિસ્થિતિ હોવા છતાં કંપનીએ સ્થિર વૃદ્ધિ અને કાર્યકારી શિસ્ત જાળવી રાખી છે. નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિકમાં કંપનીની આવક 435 મિલિયન રહી, જ્યારે ખર્ચમાં 20 મિલિયન (5%)નો ઘટાડો નોંધાયો છે, જે ખર્ચ નિયંત્રણની અસર દર્શાવે છે. અનુકૂળ વિદેશી વિનિમય (FX) લાભના કારણે કુલ સર્વગ્રાહી આવક 27 મિલિયન સુધી પહોંચી છે. વર્ષ-દર-વર્ષ આધાર પર, નાણાકીય વર્ષ 25ના ત્રીજા ત્રિમાસિકની તુલનામાં આવકમાં 168 મિલિયન એટલે કે 15%નો વધારો થયો છે. ચોખ્ખો નફો સ્થિર રહ્યો છે, જ્યારે સર્વગ્રાહી આવકમાં 17%નો સુધારો નોંધાયો છે. નવ મહિનાના ગાળામાં કુલ નફો આશરે 71 મિલિયન રહ્યો છે. કંપનીએ પ્રોડક્ટ મિક્સમાં વ્યૂહાત્મક ફેરફાર કરીને અસર ઘટાડેલી છે.

### રાઘુપુરામાં 1.48 કરોડની શાળાનું લોકાર્પણ ભાંખરપુરામાં નવીન શાળાનું ખાતમુહૂર્ત કરાયું



**નડિયાદ** | રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા અને સાંસદ દેવુસિંહ ચૌહાણે રાઘુપુરામાં 10 ઓરડાવાળી આધુનિક શાળાનું લોકાર્પણ કર્યું અને ભાંખરપુરામાં રૂ. 72 લાખના ખર્ચે બનનાર શાળાનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયની જાહેરાત કરી, જ્યારે સાંસદે દીકરીઓને ધોરણ 12 સુધી ભણાવવા અને 18 વર્ષ પછી જ લગ્ન કરાવવા ગ્રામજનોને ખાસ અપીલ કરી હતી. 1912માં શરૂ થયેલી આ ઐતિહાસિક રાઘુપુરા શાળાના વર્ષ 1955ના ખાતમુહૂર્ત પ્રસંગે તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને ઈન્દિરા ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા તેની સ્મૃતિ તાજી કરાઈ હતી.

### કપડવંજના ડો.નાઝનીન રાણાને 'અમદાવાદ નારી શક્તિ એવોર્ડ-2026' એનાયત કરાયો



**કપડવંજ** | કપડવંજનાં ફિઝિયોથેરાપિસ્ટ ડો. નાઝનીન રાણાને 3એમ ઇવેન્ટ દ્વારા આયોજિત ભવ્ય કાર્યક્રમમાં 'અમદાવાદ નારી શક્તિ એવોર્ડ-2026' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પોલીસ અધિકારીઓ અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'લાલો' પિક્ચરના અભિનેત્રી પારુલ રાજ્યગુરુના હસ્તે ડો. રાણા સહિત કુલ 21 પ્રતિભાશાળી મહિલાઓનું સન્માન કરાયું હતું. ઇવેન્ટના મુખ્ય સૂત્રધાર મોહસીનભાઈ ખલીફા અને અન્ય ગણમાન્ય અતિથિઓની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ડો. રાણાએ પોતાની સિદ્ધિથી કપડવંજ પંથકનું નામ રોશન કર્યું છે.

### દહીઅપના સરપંચ શાહીદ સૈયદની ખેડા જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી તરીકે વરણી



**કપડવંજ** | તાલુકાના દહીઅપ ગામના નવનિયુક્ત યુવા સરપંચ શાહીદ સૈયદની ખેડા જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. 2008થી ભાજપમાં સક્રિય શાહીદ સૈયદ અગાઉ 4 ટર્મ સુધી કપડવંજ તાલુકા લઘુમતી મોરચામાં પ્રમુખ તરીકે પાયાની જવાબદારી નિભાવી ચૂક્યા છે. હજ કમિટીમાં જિલ્લા ટ્રેનર તરીકે સેવા આપતા સૈયદની આ સંગઠનલક્ષી વરણીને ખેડા જિલ્લા અને તાલુકા ભાજપના હોદ્દેદારોએ ઉમળકાભેર વધાવી લીધી છે.

### વિદ્યાનગરની સીવીએમ યુનિવર્સિટીમાં 39મા પશ્ચિમ ઝોન યુવા મહોત્સવનો પ્રારંભ કરાયો




**આણંદ** | આણંદની સીવીએમ યુનિવર્સિટી ખાતે AIU દ્વારા આયોજિત 39મા 'આંતર-યુનિવર્સિટી પશ્ચિમ ઝોન યુવા મહોત્સવ' (પશ્ચિમાંચલ-2026)નો ભવ્ય પ્રારંભ થયો છે. મહોત્સવના ઉદ્ઘાટક પ્રસિદ્ધ અભિનેતા મનોજ જોશીએ જણાવ્યું હતું કે, કલા જ મનુષ્યને પશુ બનતા રોકે છે અને આ મંચ યુવાનોના વ્યક્તિત્વ ઘડતરનું પ્રથમ પગથિયું છે. આ કલા કુંભમાં ગુજરાત અને રાજસ્થાનની 33 જેટલી યુનિવર્સિટીઓના 1597થી વધુ યુવા પ્રતિભાઓ 28 વિવિધ સ્પર્ધાઓમાં પોતાની કલા રેલાવશે. યુનિવર્સિટીના પ્રેસિડન્ટ ભીખુભાઈ પટેલે કલાકારોને આવકારી 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' ના સંકલ્પને મજબૂત કરનારું ગણાવ્યું હતું.

### ડ્યુકોન ઇન્ફ્રાટેકનોલોજીઝે નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિકમાં સ્થિર પ્રદર્શન સાથે ક્લિન એનર્જી પહેલોને વેગ આપ્યો

**વડોદરા** | વડોદરાની ડ્યુકોન ઇન્ફ્રાટેકનોલોજીઝ લિમિટેડે નાણાકીય વર્ષ 26ના 9 મહિનાના અનામત નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ આ 9 મહિનાના ગાળા દરમિયાન 321.18 કરોડની કુલ આવક નોંધાવી છે. આ સમયગાળામાં કંપનીનો ચોખ્ખો નફો 9.14 કરોડ રહ્યો છે અને EBITDA 20.82 કરોડ નોંધાયો છે. માત્ર ત્રીજા ત્રિમાસિક ગાળાની વાત કરીએ તો કંપનીની કુલ આવક 94.31 કરોડ અને નફો 2.31 કરોડ રહ્યો છે. કંપનીના ચેરમેન અરુણ ગોવિલે જણાવ્યું કે, ભારતની 20,000 કરોડની સીસીયુએસ પહેલમાંથી કંપની લાભ મેળવવા સજ્જ છે. કંપનીએ કાર્બન કેપ્ચર ક્ષેત્રે અગમચેતી વાપરીને સોલ્વેન્ટ-બેઝડ આરએન્ડડી (R&D) પણ શરૂ કરી દીધું છે. ટેકનોલોજી ક્ષેત્રે આગળ વધતા ડ્યુકોને પાવર સિસ્ટમ્સ માટે "IQ Energy" એઆઈ (એઆઈ) પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે. આ પ્લેટફોર્મ ખાસ કરીને એઆઈ આધારિત ડેટા સેન્ટરની વધતી ઊર્જા જરૂરિયાતોને સપોર્ટ કરવા માટે બનાવાયું છે. આ સિસ્ટમ પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચરની કાર્યક્ષમતા વધારવા અને ડાઉનટાઇમ ઘટાડવામાં મદદરૂપ થશે. પર્યાવરણીય ધોરણોમાં કડકાઈ અને આધુનિકીકરણ આગામી સમયમાં કંપની માટે ટકાઉ વિકાસની નવી તકો ઊભી કરશે.

### સોજિત્રાના પીપળાવમાં રૂ. 84 લાખના ખર્ચે શાળાના 6 નવા વર્ગખંડોનું ખાતમુહૂર્ત કરાયું



**સોજિત્રા** | તાલુકાના પીપળાવ ખાતે 'માં આશાપુરી ધામ' પ્રાથમિક શાળામાં અંદાજિત રૂ.84 લાખના ખર્ચે નવનિર્માણ પામનાર 6 વર્ગખંડોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ અને આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, ગામના સરપંચ, દાતાઓ, ભાજપના અગ્રણીઓ અને શૈક્ષણિક સંસ્થાના અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભ કરાયો હતો.